**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૭૯ ટકા

# સે-૪-એમાં રખડતા ઢોર અને આખલાનો ત્રાસ

## તંત્ર દ્વારા તાત્કાલિક પગલા લેવાય તેવી સેકટરના રહેવાસીઓની માંગ

ગાંધીનગર, તા.૧૬

શહેરની વર્ષો જુની રખડતા ઢોર બાબતની સમસ્યાનો નિકાલ હજી સુધી આવ્યો નથી. રખડતા ઢોરને લીધે શહેરીજનોએ પોતાની જાન ગુમાવી હોય તેવા પણ કિસ્સા સામે આવ્યા છે. નાના બાળકો ઘરની બહાર છુટથી રમી શકતા નથી કે વૃધ્ધોનું તો ઘરની બહાર નીકળવાનું જ બંધ થઈ ગયું છે કારણ કે ગમે ત્યારે રખડતા ઢોર આવીને આક્રમક પરિસ્થિતિ ઉભી કરી દે છે. વાંદરા, કુતરા, ગાય અને હવે આખલાનો ત્રાસ વધવાની સમસ્યાનો કિસ્સો નગરના સેકટર-૪-એના રહેવાસીઓ તરફથી બહાર આવ્યો છે. ત્યાંના રહેવાસીઓ જણાવે છે કે સે-૪-એ રીંગરોડ ઉપર રખડતા સાથે તોફાની આખલાનો ત્રાસ એટલી હદે વધી ગયો છે કે અગાઉ એક વ્યકિતનું મોત પણ થઈ ગયું હતું. આ વિશે વારંવાર ફરિયાદ કરી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવ્યા નથી. રખડતા ઢોર અને તોફાની આખલા દ્વારા આખા દિવસમાં સેકટરના રહેવાસીઓના વાહનને નુકશાન કરવામાં આવે છે, રસ્તા પર ચાલવા કોઈ નીકળી શકતું નથી. બાળકો અને વૃધ્ધો તો એટલા ડરે છે કે ઘરની બહાર જ નીકળી શકતા નથી. આ આખલાઓ અને રખડતા ઢોર નવા વાવેલા વૃક્ષોને પણ નુકશાન કરે છે. છેલ્લા ઘણા દિવસથી આ ત્રાસ છે જે દિવસેને દિવસે વધતો જ જાય છે. કોઈ વ્યકિતનું આ રખડતા તોફાની આખલાને લીધે મોત થવું એ ખૂબ દયનીય બાબત છે. સેકટરના તમામ રહેવાસીઓ અને ખાસ રીંગરોડ પર મકાન હોય તે તમામ રહેવાસી દ્વારા રખડતા ઢોર અને તોફાની આખલા વિશે તાત્કાલિક પગલા લેવાય તેવી તંત્ર પાસે માંગ છે.





સેકટર-૧૬માં બેંક વિસ્તારની આગળ પાર્કિંગ સ્પેસ બનાવવામાં આવી છે. પાર્કિંગ માટેની આ જગ્યા મુખ્ય માર્ગથી નીચાણવાળા ભાગમાં છે. વળી અહીં વરસાદી પાણીના નિકાલ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હોવાથી ચોમાસામાં અહીં પાણી ભરાઈ જાય છે. લાંબા સમય સુધી અહીં પાણી ભરાઈ રહેતું હોવાથી અહીં લીલ પણ જામી ગઈ છે. જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધવાની સંભાવના છે.

# પોઝિટિવ સ્ટ્રોક સાથે દર્શકોને હાસ્ય કલાકાર હરપાલસિંહે હકારાત્મકતાનો ડોઝ પીવડાવ્યો

ગાંધીનગર, તા.૧૬

ફેસબુકના માધ્યમથી ડૉ. અપૂર્વ રાવલ શાહ દ્વારા વિવિધ પ્રકારના જનઉપયોગી કાર્યક્રમોનું ઓનલાઈન આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં તેમના દ્વારા 'પોઝિટવ સ્ટ્રોક વીથ ડૉ. અપૂર્વ રાવલ શાહ' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરના જાણીતા હાસ્ય-ટીવી કલાકાર હરપાલસિંહ ઝાલાનો લાઈવ હાસ્ય મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કરૂણા સાગર ટ્રસ્ટ અંતર્ગત 'હાસ્ય દ્વારા સ્ટ્રેસમાંથી ફ્રેશ થાવ'ના ઉદ્દેશથી તા. ૧૧મી જુલાઈએ ફેસબુક લાઈવ દ્વારા યોજાયેલ કાર્યક્રમ 'પોઝિટિવ સ્ટ્રોક વીથ ડૉ. અપૂર્વ રાવલ શાહ' અંતર્ગત ગાંધીનગરના જાણીતા હાસ્ય કલાકાર અને ટીવી કલાકાર હરપાલસિંહ ઝાલાએ 'હાકારાત્મકતાનો ડોઝ-૬૧' પ્રસ્તુત કર્યો હતો. આ કાર્યક્રમમાં હરપાલસિંહ ઝાલાએ હળવી મનોરંજક વાતો અને ટૂચકાના સહારે જીવનમાં સ્ટ્રેસથી દૂર રહેવાના અને ફ્રેશ થવાના ઉપાયો વર્ણવ્યા હતા. હરપાલસિંહની આગવી રમૂજી શૈલીએ દર્શકોને હાસ્યરસમાં તરબોળ કરવા સાથે જીવનમાં હકારાત્મક વિચારસરણી અપનાવવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમને મોટી સંખ્યામાં દર્શકોએ ઓનલાઈન માણ્યો હતો.




# ગાંધીનગર જિલ્લાના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિની દરખાસ્ત ૨૦મી જુલાઈ સુધીમાં ઓનલાઈન કરી શકશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાની શહેરી અને ગ્રામ્ય વિસ્તારની તમામ શાળા, કોલેજો, સંસ્થાઓ તથા તેમાં વર્ષ – ૨૦૧૯- ૨૦માં અભ્યાસ કરતાં શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવાનું ચુકી ગયેલા વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત તા. ૨૦ મી જુલાઈ, ૨૦૨૦ સુધી મોકલી આપવા, સમાજ કલ્યાણ અધિકારી શ્રી પી.એલ.શ્રીમાળીએ જણાવ્યું છે.

સમાજ કલ્યાણ અધિકારી શ્રી પી.એલ.શ્રીમાળીએ વધુમાં જણાવ્યું છે કે, જિલ્લાની જે શાળામાં ધોરણ- ૧ થી ૧૦ (શહેરી/ગ્રામ્ય) અને ધોરણ-૧૧, ૧૨ તેમજ કોલેજમાં વર્ષ- ૨૦૧૯-૨૦માં અભ્યાસ કરતાં અને કોઈ કારણોસર શિષ્યવૃત્તિની દરખાસ્ત **Digital Gujarat Portal** પર કરવાની બાકી રહી ગઈ હોય, તેવા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની પુરવણી દરખાસ્ત ઓનલાઈન તા. ૨૦મી જુલાઈ, ૨૦૨૦ સુધીમાં **Digital Gujarat Portal** પર તૈયાર કરીને મોકલવાની રહેશે.

ત્યારબાદ કોઈ વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળા, કોલેજ અને સંસ્થાના સંચાલક – આચાર્યની રહેશે.

# સે-૧૩ ખાતે દારૂ પીધેલી હાલતમાં બકવાટ કરતા બે ઝડપાયા

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાં પોલીસ નાઈટ પેટ્રોલીંગમાં હતી તે સમયે શહેરના સેકટર-૧૩ નજીક માર્ગ પરથી દારૂ પીધેલી હાલતમાં લવરી બકવાટ કરતા બે યુવકોને પોલીસે પકડી પાડયા હતા. પોલીસે પકડેલા યુવકોને નામ પુછતા સેકટર-૧૩ ખાતે રહેતો યુવરાજ સિંહ અરૂણસિંહ ડાભી (પ્લોટ નં.૫૪૬-૧) તેમજ સેકટર-૨ ખાતે રહેતો નિતિન નગીનભાઈ પટેલ (પ્લોટ નં ૨૫૬-૨ )હોવાનું સામે આવ્યું હતું. બંને યુવકો દારૂ પીધેલી હાલતમાં હોવાથી પોલીસે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



સેકટર-૭ સી માં આંતરિક માર્ગો ની અતિ બિસ્માર હાલત છે. હજુ ચોમાસાની શરૂઆત છે ત્યારે આવી પરિસ્થિતિ છે. આગળ જતાં આ રસ્તાની હાલત વધુ ખરાબ થાય તેમ છે. રસ્તામાં મોટા ખાડા પડી ગયા છે. વાહન ચાલકોને મુશ્કેલી પડે છે અને આ ખાડામાં પાણી ભરાય તો રોગચાળો અને નાના મોટા અકસ્માતો થાય તો નવાઈ નહિ.

# સેકટર-૨૬ હત્યા કેસમાં અન્ય કોઈની મદદ છે કે કેમ તે દિશામાં તપાસ

## આરોપી ઉમિયાના સંપર્કમાં રહેલા બે શખ્સોની શંકમદો તરીકે તપાસ શરુ કરી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ખાતે ૧૦ દિવસ પહેલા ભાડે રહેવા આવેલા બનાસકાંઠાના યુવાનની હત્યા તેની પત્નીએ કરી હોવાની કબુલાત કરી દીધી છે. જો કે હત્યાનું મુખ્ય કારણ અણગમો જ હતો કે અન્ય કોઈ કારણ તેની તપાસ ચાલી રહી છે. તે ઉપરાંત યુવાનની હત્યા તેની પત્નીએ એકલી એ જ કરી છે કે અન્ય કોઈએ તેની મદદ કરી છે.? કારણ કે પોલીસનુ માનવું છે કે મૃતક વાકજીને જે તાકાત થી છરાના ઘા મારવામાં આવ્યા છે તે જોઈને અન્ય કોઈનો પણ હાથ હોવાની શંકા છે. જેમાં પોલીસે આરોપી ઉમિયાના સંપર્કમાં રહેલા બે શખ્સોની શંકમદો તરીકે તપાસ શરુ કરી હોવાનું સુત્રો તરફથી જાણવા મળ્યું છે. મળતી વિગત મુજબ પોલીસની પુછપરછમાં મહિલાએ કલાકો સુધી ગોળગોળ ફેરવ્યા હતા. ત્યાબાદ પોલીસે આખરે તેને વિશ્વાસમાં લઈ ઉંડાણપૂર્વક પુછપરછ કરતા મહિલાએ જાતે હત્યા કરી હોવાની કબુલાત કરી હતી. મહિલાનો દાવો છેકે પતિએ જાતે ઉંદર મારવાની દવા પીધી હતી, જો કે પોલીસને શંકા છે કે મહિલાએ તેને જમવામાં કે અન્ય રીતે દવા પીવડાવી હોઈ શકે છે. હાલના સમયે પોલીસ વિવિધ થિયરી પર તપાસ કરી રહી છે.




ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સ એવા ડૉ.પરેશ ગજજર કે જેઓ સિવીલ હોસ્પિટલ ગાધીનગર ના આઈ.સી.યુ ખાતે ફરજો અદા કરે છે. તેમની આ ફરજો દરમિયાન તેમને ૮મી જુલાઈના રોજ સંક્રમણના લીધે કોરોનાની પોઝીટીવ રીપોર્ટ આવ્યો અને એ જ દિવસે તે સીવિલ હોસ્પિટલ ખાતે દાખલ થયા ત્યારબાદ બીજા દિવસે તમામ પરિવારજનોના રીપોર્ટ કરાવતા ચાર સભ્યો પણ પોઝીટીવ આવતા તમામને હોસ્પિટલાઈઝ કરવા પડ્યા હતા આજે તમામ સભ્યોએ કોરોનાને મ્હાત આપી છે અને ઘરે આવી ગયા છે. આજે જયારે ડૉકટર અને માતૃશ્રી રજા લઈને ઘરે આવ્યા ત્યારે ગામના પ્રતિષ્ઠિત અગ્રણીઓ, વેપારીઓ, સમસ્ત ગ્રામજનો અને સોસાયટીના સૌ સભ્યોએ ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું.

# જીપીસીબીના સુત્રેજા પાસેથી એસીબીને અઢળક રોકડ અને દાગીના મળ્યા

## હજુ પણ એસીબીની ટીમ દ્વારા તપાસ ચાલુ

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના કલાસ વન અધિકારીને એસીબીને બે દિવસના રીમાન્ડ પર સોંપવામાં આવ્યા છે. ત્યારે એસીબીનો ટીમનો તપાસ દરમિયાન આ ભ્રષ્ટ અધિકારીના એસબીઆઈના બેંકના લોકરમાંથી બે હિસાબી અઢળક નાણા અને સોના-ચાંદીના દાગીના મળી આવ્યા છે. એસીબીને બેંક લોકરમાંથી રૂ.૫૫.૬૯.૫૦૦ રોકડા તેમજ રૂ.૭૨.૨૬ લાખના દાગીના મળી આવ્યા છે. ત્યારે આગામી સમયમાં પણ તપાસ દરમિયાન આ અધિકારી પાસેથી વધુ બે હિસાબી નાણા મળી આવે તો નવાઈ નહી.

મળતી વિગત મુજબ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના જામનગર ખાતે ફરજ બજાવતા કલાસ વન અધિકારી એસીબીના સકંજામાં આવી ગયા છે. એસીબીના હાથે રોકડા પાંચ લાખ સાથે પકડાયેલા અધિકારીની વધુ તપાસ દરમિયાન અડધા કરોડ થી વધુની રકમ અને સોના ચાંદીના દાગીના મળી આવ્યા છે. જેના પરથી લાગી રહ્યું છે કે અધિકારીએ ભ્રષ્ટ્રાચાર આંચરવામાં પાછુ વળીને જોયું નથી. મળતી માહીતી મુજબ જીપીસીબીના અધિકારી બી.જી. સુત્રેજાના ત્યાં એસીબીની ટીમને તપાસ દરમિયાન બે હિસાબી અઢળક સંપતિ શોધી કાઢવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં આવેલી એસબીઆઈ બેંકમાં અધિકારીના બે લોકર છે. જેમાં પહેલા લોકરમાંથી ૧.૩૧૪.૪૫૦ ગ્રામના સોના ચાંદીના દાગીના કિં.૪૮,૭૬,૫૯૬ તેમજ રોકડા રૂ.૬૯,૫૦૦ મળી આવ્યા હતા.જયારે બીજા લોકરમાંથી રોકડા ૫૫ લાખ અને રૂ.૨૩.૪૯.૭૭૮ લાખના સોના ચાંદીના દાગીના એસીબીની ટીમને મળી આવ્યા હતા. ત્યારે એસીબીની ટીમને અધિકારી પાસેથી રોકડા અને સોના ચાંદીના દાગીના મળીને કુલ રૂ. ૧.૨૭, ૯૫,૮૭૪ ની બેનામી સંપિત મળી આવી છે. હજુ પણ એસીબીની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ત્યારે તપાસ દરમિયાન હજુ વધુ બે હિસાબી સંપતિ મળી આવે તો નવાઈ નહી. કેસની તપાસ ગાંધીનગર એકમના મદદનીશ નિયામક એ.કે. પરમારના સુપરવિઝન હેઠળ એસીબી પીઆઈ એચ.બી.ચાવડા ચલાવી રહ્યા છે.

# સીબીએસઈના જાહેર થયેલ ધોરણ-૧૨ના પરિણામમાં દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરના તેજસ્વી તારલાઓ



ગાંધીનગર, તા.૧૬

જ્યારે સમગ્ર વિશ્વ કોરોના મહામારીની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે સીબીએસઈ બોર્ડ દ્વારા તા.૧૩-૭-૨૦ ના રોજ શૈક્ષણિક સત્ર ૨૦૧૯-૨૦નું ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરવામાં આવતા વિદ્યાર્થીઓના હૃદયમાં સકારાત્મકતાનું કિરણ પ્રકાશિત થયું હતું.

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર વિજ્ઞાન અને વાણિજ્ય પ્રવાહમાં ૧૦૦% પરિણામ પ્રાપ્ત કરીને ગર્વની લાગણી અનુભવે છે. આ વર્ષે ધોરણ ૧૨ની પરીક્ષામાં ૧૨૬ વિદ્યાર્થીઓમાંથી, ૩૦ વિદ્યાર્થીઓએ ૯૦% કરતા વધારે ગુણ મેળવીને ફર્સ્ટ ડિવિઝન પ્રાપ્ત કર્યુ છે.

વિજ્ઞાન પ્રવાહમાં રુશેન્દ્ર સીદીબોમાએ સર્વોચ્ચ ૯૬.૪% મેળવ્યા છે જ્યારે વાણિજ્ય પ્રવાહમાં વિસ્મિતા રાઠી ૯૭.૬% મેળવીને શૈક્ષણિક સત્ર ૨૦૧૯-૨૦માં શાળાની ટોપર પણ બની છે.

# મીનાબજાર ખાતે લારી-પાથરણા મંડળે પણ વેપારની સમય મર્યાદા ૮ થી ૫ની કરી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં કોરોના વાયરસનું સંક્રમણ ખૂબ જ વધી રહ્યું છે અને આ મહામારી મોટા પાયે ફેલાઈ રહી હોવાથી શહેરીજનોમાં ચિંતા સાથે 'ફડક' પેસી જવા પામી છે. આ સ્થિતિમાં શહેરના જુના સચિવાલય પાસેના મીનાબજાર ખાતેના પ્રગતિ લારી પાથરણા મંડળ દ્વારા આજથી અત્રેના તમામ વપારીઓ માટે વેપાર ધંધાનો સમય સવારે ૮ થી સાંજના ૫ વાગ્યા સુધીનો મર્યાદિત કરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે. આ સમયમર્યાદા આગામી તા. ૩૧મી જુલાઈ સુધી અમલમાં રહેશે અને ત્યારબાદ સમય રાબેતા મુજબ કરી દેવામાં આવશે તેવું પ્રગતિ લારી પાથરણા મંડળના મહામંત્રી કનુભાઈ વાલેરા દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# સલામ છે ઈમાનદારીને




અત્યારે સૌ કોઈ ટૂંકા રસ્તે ઝડપથી ભૌતિક સાધનો મેળવવા પ્રયત્ન કરે છે. અને એમાંય રસ્તામાં કોઈનો મોબાઈલ ખોવાય ત્યારે પાછો મળવાની શક્યતાઓ લગભગ નહિવત જ હોય છે. પરંતુ આજે અલગ જ ઘટના ઘટી. બનાવની વિગત એવી છે કે ગુરુવાર બપોરે લગભગ સાડાચાર ના સુમારે સેક્ટર-૧૬ બેંક ઓફ ઈન્ડિયા ઈ ગેલેરી પાસે બેંકના સફાઈ કર્મચારી આશિષ રાઠોડની નજર એક મોબાઈલ પર પડી. આશિષ રાઠોડે આસપાસ જોયું કોઈ દેખાયું નહિ. આજુબાજુમાં પૂછ પરછ કરી પરંતુ કોઈ નો ફોન હતો નહિ. થોડી ક્ષણો રાહ જોયા બાદ બેંકના અધિકારીને સુપ્રત કરી કામમાં લાગી ગયા. તેવામાં જેમનો મોબાઈલ ખોવાયો તે વ્યકતિએ આશિષ રાઠોડને જ પૂછ્યુ. મારો મોબાઈલ ખોવાયો છે. જવાબમાં બેંકની અંદર અધિકારી પાસે છે મેળવી લ્યો અને એ ભાઈ ને પોતાનો મોબાઈલ લઈ ચાલ્યા ગયા... વાહ આશિષ રાઠોડ ...ના મોબાઈલનો મોહ..ના કોઈ અપેક્ષા...ના આભાર ની રાહ.. ઈમાનદારી ને સલામ....

# સોશિયલ ડિસ્ટન્સીંગનો આપોઆપ અમલ સાથે કોરોનાથી બચવા ફેસ શિલ્ડ ઉપયોગી

ગાંધીનગર, તા.૧૬

હવે માસ્ક જીવનનો એક ભાગ બની ગયો છે ત્યારે વડોદરાની જીપીએમએલ લેબોરેટરી દ્વારા ફેસ શિલ્ડ તૈયાર કરાયું છે. જીપીએમએલના ફાઉન્ડર ડો. હરિન્દુ વ્યાસે આ અંગે જણાવ્યું હતું કે, આ ફેસ શિલ્ડ એક કાનથી બીજો કાન ઢંકાઈ જાય તેટલી લંબાઈ ધરાવે છે અને નાકથી બે સેન્ટીમીટર દૂર રહેતું હોવાથી તમે ચશ્મા ઉપર પણ સહેલાઈથી પહેરી શકાય છો. એટલું જ નહિ ફેસ શિલ્ડ પહેર્યા બાદ તમે બોલો અને વાતાવરણને કારણે શિલ્ડ ઉપર ભેજ લાગે તો તે આપોઆપ દૂર થઈ જાય છે. વધુમાં ડો.વ્યાસે જણાવ્યું હતું કે, આ ફેસ શિલ્ડ મેઈડ ઈન ઈન્ડીયા છે અને આત્મનિર્ભર ભારતની ઝુંબેશને યોગ્ય છે. ફેસ શિલ્ડ હવામાં રહેલા કોરોનાના ડ્રોપલેટથી



ચહેરા પર ચોટવાની સામે સલામતી આપે છે. આ ફેસ શિલ્ડ ખુબજ સરળતાથી સ્વચ્છ થઈ શકે છે.

વિશ્વના ડોકટરોએ માસ્કનો સ્વિકાર કર્યો છે ત્યારે તેમાં માસ્ક થી આગળ વધીને ફેસ શિલ્ડ એટલે કે આખો ચહેરો એક જ ફેસ શિલ્ડમાં સમાવી શકાય. કપાળ થી શરૂ કરીને દાઢી સુધી. નિષ્ણાંતો કહે છે કે, ટેસ્ટિંગ અને કોન્ટેક્ટ ટ્રેસિંગ વધારવા, સોસ્યિલ ડિસ્ટન્સિંગ તથા હાથ ધોવાની ટેવ સાથે ફેસ શિલ્ડ પણ સંક્રમણ ફેલાવો અટકાવવામાં મદદરૂપ થાય છે. આ માત્ર વિચાર નથી સિંગાપુરમાં પ્રી- સ્કુલ સ્ટુડન્ટ અને શિક્ષકોને આગામી સ્કુલ દરમ્યાન ફેસ શિલ્ડ અપાશે. કોરોનાના ડ્રોપલેસ હવામાં તરતા રહે છે. તેથી આંખો અને ચહેરાની સુરક્ષા કરવી પણ તેટલીજ જરૂરી છે.

ફેસ શિલ્ડને સ્ટરીલાઈઝ અને સાફ કરી શકાય છે. તેના તૂટવા, તિરાડ પડવા સુધી ઉપયોગ કરી શકાય. જો ડેમેજ થાય તો ફેવીક્વીકના ટપકા મૂકી ચોંટાડી પણ શકાય છે. આલ્કોહોલવાળા પદાર્થથી સાફ કરવા કે સાબુ ગરમ પાણીથી ધોવાથી સંક્રમણ મુક્ત કરી શકાય છે. ચહેરાને વારંવાર અડવાથી બચાવે છે. ચશ્મા અને ટોપી સાથે પણ પહેરી શકાય છે માસ્ક ચહેરાના અમુક ભાગને ઢાંકે છે જ્યારે ફેસ શિલ્ડ ચહેરાના મોટાભાગનો હિસ્સો ઢાંકે છે. માસ્કના કપડા કે બીજા મટીરીયલથી વારંવાર ખંજવાળ થાય છે. ઘણા લોકો માસ્ક ખોટી રીતે પહેરે છે. નાક થી લટકતું રહે છે અને માત્ર મોઢું ઢંકાય છે અને વારંવાર માસ્કને ઠીક કરવું પડે છે. વાત કરતાં કરતાં માસ્ક ક્યોરેક ઉતરી પણ જાય છે. જે જોખમી પુરવાર થાય છે. લિપ- રિડિંગ પર નિર્ભર રહેતા લોકો માટે ફેસ શિલ્ડ સારી વસ્તુ છે. (બહેરા-મૂંગા માટે ખાસ ઉપયોગી) ફેસ શિલ્ડથી લિપ મુવમેન્ટ સરળતાથી સમજી શકાય છે.

# આજે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે 'વૃક્ષોના વધામણાં' સાથે વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ ટેકનોલોજી તથા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા તા. ૧૭મી જુલાઈ શુક્રવારના રોજ સવારે ૯ કલાકે સેકટર-૨૩ ખાતે 'વૃક્ષોના વધામણાં અને વૃક્ષારોપણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શહેરના મેયર રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર, ગુજકોસ્ટના એડવાઈઝર ડૉ. નરોત્તમ સાહુ તેમ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગત વર્ષે સાયન્સ સેન્ટરના સામેના ભાગમાં ૩૦૦ જેટલાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. એક વર્ષની માવજત પછી આ વૃક્ષોનો વિકાસ સારો થયો છે જેના હર્ષ સાથે 'વૃક્ષોના વધામણાં' નું આયોજન કરવામાં આવ્યુ છે. આ સાથે વૃક્ષારોપણ પણ યોજાશે. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ ધીરુભાઈ ડોડીયા, પ્રવિણાબેન દરજી, અંકિત બારોટ સહિત અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન ફરજિયાત માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ, સેનેટાઈઝર જેવી કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરાશે.

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા ગીતાબેન નરેન્દ્રસિંહ, ઉ.વ. ૬૬, મુ. પેથાપુર
- સ્વ. ગીતાબેન ધીરૂભાઈ સોલંકી, ઉ.વ. ૪૫, સેકટર-૨૪, ઈન્દિરાનગર
- સ્વ. પુનમબેન કૈલાશભાઈ યાદવ, ઉ.વ. ૭૯, સેકટર-૧૪, ગોકુલપુરા
- સ્વ. દિવાળીબેન રતીલાલ પટેલ, ઉ.વ. ૭૬, મુ. સરઢવ, જી. ગાંધીનગર